# જનાબ અહમદ વલી પાવડિયા

*□ મહેક ટંકારવી*

ટંકારીઆ મરકઝી (જમાતી) મસ્જિદના જે કેટલાક પાયાના કાર્યકરો અને ખાદીમો હતા તેમાં મરહુમ જનાબ અહમદ વલી પાવડિયાનો પણ સમાવેશ થાય છે. હાજી મુસા અહમદ દેસાઇના તેઓ સાથીદાર હતા અને બંનેવ શરૂઆતના દિવસોમાં મસ્જિદ મદ્રસાના ચંદા માટે ગામેગામ અને શહેરે શહેર ફરતા. કદી પણ થાકતા નહીં. ખિદમતનો ભારે જઝબો હતો. મસ્જિદ બની તે પહેલાં નાના પાદર અશરફશાહની દરગાહમાં નમાઝ પઢતા તે દિવસોથી મને એમની યાદ છે.

ગામમાં જમાતી કામની શરૂઆત હતી. કામ શરૂ થયા પછી શૈખુલ હિંદ મૌલાના હુસૈન અહમદ મદની (રહ)નું મરહુમની દાવત પર ગામમાં આગમન થયું. નમાઝ પછી મરહુમના ઘરે ચાપાણી અને દુઆનો પ્રોગ્રામ હતો. અમે કેટલાક યુવાનો પણ એમાં જોડાયા. મરહુમના ઓટલા પર બેસી મૌલાના હુસૈન અહમદ મદની (રહ)એ કામની મહત્વતા સમજાવતાં કેટલીક ઉપયોગી નસીહતો કરી અને છેલ્લે કામયાબી માટે ભરપૂર દુઆઓ કરી.

બસ ત્યારથી જ જનાબ અહમદ વલીએ એકધારી ફિકર સાથે આ કામને ઉપાડી લીધું. એમને જોતાં એવું લાગતું કે જાણે ચોવીસે કલાક તેઓ આ નવા કામની અને નવી મસ્જિદ મદ્રસાની ફિકર લઇને ફરતા હતા. આજુબાજુનાં ગામડાંઓ તો ખરાં જ પણ ચંદા માટે રમઝાનમાં ઠેઠ મુંબઇ સુધીની સફર ખેડતા. ત્યાં ચેલિયા દુકાનદારો અને હોટલવાળાઓ પાસેથી સારી એવી રકમ ઉઘરાવી લાવતા. શરૂઆતનું આ કામ સહેલું ન હતું. પણ અલ્લાહે દિલમાં એક વાતની સમજ અને શોખ પેદા કરી આપ્યો હોવાથી રાતદિવસ મહેનત અને દોડધૂપ કરતાં કદી થાકતા નહીં. ખભે રૂમાલ નાંખી અલ્લાહના ભરોસે નીકળી પડતા અને અલ્લાહની મહેરબાનીથી ધારેલું કામ પાર પાડીને પરત આવતા.

મરહુમની આર્થિક હાલત એટલી બધી સારી ન હતી. મહેનત મજુરી કરવામાં માનતા અને શરૂઆતમાં કાપડની ફેરી ફરતા. પાછળથી ઉંમર થતાં લારીમાં કાપડ લઇ જઇને આજુબાજુના ગામેમાં વેચતા. ઇકબાલે કહ્યું છે તેમ 'ખુદી ન બેચ ગરીબીમેં નામ પેદા કર' એ મુજબ ગરીબી અને કોઈ કોઇવાર સખત આર્થિક ભીંસ હોય છતાં તેઓ સ્વમાનપૂર્વક જીવવાનું પસંદ કરતા. જે જમાનામાં આપણા સમાજમાં મૌલ્વી સાથે કોઇ દીકરી પરણાવવા માંગતું ન હતું તે જમાનામાં એમણે પોતાની તમામ દીકરીઓની શાદી મોલ્વીઓ સાથે જ કરાવી સમાજમાં નમૂનો બેસાડયો હતો.

દીનની અને મરકઝી મસ્જિદ-મદ્રસાની સેવા કરતાં કરતાં ઉંમરે પહોંચ્યા. તબિયત બગડતાં કેટલાક દિવસો ઘરમાં પથારીવશ થયા હતા. એમની જિંદગીના એ છેલ્લા દિવસો હતા. એમની બીમારપુર્સી માટે અમે બેત્રણ મિત્રો ગયેલા તે મને હજી યાદ છે. ખાટલામાં સૂતાં સૂતાં કમજોરીને કારણે હવે પોતે મસ્જિદ મદ્રસાની ખિદમતથી મેહરૂમ થઇ ગયા છે એ વાતનો અફસોસ જાહેર કરતા. "ભાઇ! હવે મારા દિવસો પૂરા થવા આવ્યા છે. તમે તો હજી યુવાન છો. નમાઝ પઢજો અને જ્યાં પણ રહો દીનના કામોમાં હિસ્સો લેતા રહેજો. મને માફ કરજો." આ એમના અમારી મુલાકાત વેળાના છેલ્લા શબ્દો હજી મારા કાનમાં ગૂંજે છે. એમની આંખો અમને આવજો કહેતાં કહેતાં નમ થઇ ગઇ હતી. એમની વિદાય લેતાં અમારું પણ હૈયું ભરાઇ આવ્યું હતું.

ત્યાર પછી થોડાક દિવસો બાદ એમનો ઇન્તેકાલ થયો. આખરી દમ તક દીનની અને મસ્જિદ મદ્રસાની ફિકર કરતા કરતા અલ્લાહની રહેમતમાં પહોંચી ગયા. પ્રારંભના આ મુખલિસ વડીલોની અથાગ મહેનતો અને બુઝુર્ગોને દીનની દુઆઓને પરિણામે મસ્જિદ મદ્રસાની ઇમારતો ઊભી થઇ ગઇ જેનો ગામના લોકો આજે વર્ષોથી લાભ ઉઠાવી રહ્યા છે. આજે હવે નોબત એ આવી છે કે પચાસ સો નમાઝીઓ માટે બનાવેલી તે સમયની મસ્જિદ તેમાં વારંવાર નાના મોટા ફેરફારો કરતા રહ્યા હોવા છતાં અત્યારે હવે નમાઝીઓની વધતી જતી સંખ્યાને કારણે નાની પડે છે જેને શહીદ કરી સાડાચાર કરોડના ખર્ચે નવી વિસ્તૃત મસ્જિદ બનાવવાનું આયોજન થઇ ગયું છે. અલ્લાહ પાક અત્યારના કાર્યકર્તાઓમાં પણ મરહુમના જેવી ધગશ, ઇખલાસ અને હિંમત પેદા ફરમાવે અને એ કામને પણ પૂર્ણતાએ પહોંચાડે.

જનાબ અહમદ વલી પાવડિયા, હાજી મુસા અહમદ દેસાઇ, હાજી ઉમરજી ઇબ્રાહીમ અભલી, જનાબ આદમ બગસ છેલા અને જનાબ અભરામ વલી બચ્ચા જેવા મરહુમો અને તેમના તે સમયના સાથી જનાબ ગુલામભાઇ હાંરોવાલા જેઓ હજી આપણી વચ્ચે હયાત છે તેમની કુરબાનીઓને આપણે ભૂલી શકતા નથી. એવું થાય છે કે કોઇ વાર, પ્રસંગોપાત મસ્જિદ મદ્રસાના જલ્સાઓમાં આપણી મસ્જિદોમાં ભૂતકાળના આવા પાયાના કાર્યકર્તાઓને પણ યાદ કરી તેમના હકમાં બારગાહે ઇલાહીમાં દુઆઓ કરવી જોઇએ. એવું થતું નથી પણ કરવામાં આવે તો ઘણી સારી વાત કહેવાય. એ મરહુમોનો થોડોક તો હક આપણે અદા કરી શકીએ.

અંતમાં અલ્લાહ રહીમોરહેમાનથી દુઆ છે કે તે મરહુમની ખિદમતોને કબુલ કરે અને તેમની નેકીઓમાંની કોઇ એક નેકીને પણ પસંદ કરી તેમની મગફેરતનું બહાનું બનાવે અને તેમને જન્નતુલ ફિરદૌસમાં ઉચ્ચ દરજ્જો આપે. *આમીન.*